નિફ્ટમાં કોરોનાના વધુ ૬ કેસ

આજે નોંધાયેલા દર્દીઓ ''નિફ્ટ'' સાથે સંકળાયેલા છે : ૬એ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર શહેરમાં એક દિવસના વિરામ બાદ આજે ૬ કોરોનાના નવા કેસ નોંધાયા છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે એક પણ કોરોનાનો કેસ નોંધાયો નથી.

મળતી વિગતો મુજબ શહેરમાં આજે નોંધાયેલા ૬એ કેસ ગાંધીનગર સ્થિત નીફ્ટ સંસ્થા સાથે સંકળાયેલા છે. આજે એક સાથે આટલા બધા કેસ નોંધાતા તંત્ર પણ સતર્ક બન્યુ છે.

શહેરમાં આજે નોંધાયેલા છ કેસમાં બે વિદ્યાર્થીની અને ૪ વિદ્યાર્થીનો સમાવેશ થાય છે. ૨૦ થી ૩૦ વર્ષની આયુ ધરાવતા આ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

આજે નોંધાયેલા કેસમાં એક કેસ ઈન્ફોસીટી, એક કેસ સે. ૨, બે કેસ કુડાસણ અને બે કેસ સરગાસણમાં નોંધાયા છે.

શહેરમાં કોરોનાના કેસો ધીમી ગતિએ વધી રહ્યા છે. તેમજ કોરોનાના કેસો શૈક્ષણિક સંસ્થાઓમાંથી મળી રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી જવા પામી છે.

શહેરમાં એક્ટીવ કેસની ૧૦ થી વધુ વધી જવા પામી છે. શહેરમાં મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા જણાવ્યુ છે.

શહેરમાં સંક્રમણ ઘટ્યુ હોવાની તંત્રની વાતો વચ્ચે પણ જે રીતે કેસો સામે આવી રહ્યા છે તેનાથી લોકો ચિંતાતુર બન્યા છે.

લોકોને કોરોના ગાઈડલાઈનમાં બેદરકારી ન રાખવા તંત્રએ કહ્યુ છે તેમજ જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા તંત્રને તાકીદ કરી છે.

સમૂહ લગ્નોત્સવ - સામાજીક ક્રાંતિની વધુ એક કદમ સમાજમાં હિંમતપૂર્વક ઉઠવાઈ રહ્યું છે... દરેક જ્ઞાતિ સમાજ પોતપોતાના નવયુવક-યુવતિઓને સમૂહ લગ્ન માટે પ્રેરણા આપે છે... છેલ્લા ૨૪ વર્ષથી ચાલતી પરંપરા અન્વયે ગાંધીનગર રાજપૂત સમાજ દ્વારા ૧૮ યુવક-યુવતીઓના સમુહ લગ્ન ભારે ઉલ્લાસ અને ઉમંગથી યોજાયા હતા... આ સમયે સમાજના મોભીઓ ઉપસ્થિત રહી નવદંપતિને આશીર્વાદ આપ્યા હતા...

શહેરમાં પુનઃ ગરમીનુ જોર વધ્યુ : પારો ૪૩ ડીગ્રી

મેં મહીનાની શરૂઆતથી ગરમી વિકરાળ બનતા શહેરીજનો ગરમીથી તોબા પોકારી ગયા છે : આજે ગરમીનુ જોર ફરી વધતા દિવસ દરમિયાન સન્નાટો છવાયેલો રહ્યો : વાતાવરણમાં રાત્રિના સમયે પણ ગરમાવો

ગાંધીનગર તા ૧૫

ગાંધીનગરમાં મેં મહીનાના દિવસોમાં ગરમી વિકરાળ બનતા નગરજનો તોબા પોકારી ગયા છે. દિવસ દરમિયાન આકાશમાંથી અંગારા વરસતા ઘરની બહાર નિકળવુ મુશ્કેલ છે. આજે પણ મહત્તમ તાપમાન ૪૩ ડીગ્રીએ પહોંચી જતા નગરજનો અંગ દઝાડતી ગરમીથી બેચેન બન્યા હતા. છેલ્લા ઘણાં સમયથી લઘુત્તમ તાપમાન પણ ૨૮ ડીગ્રી ઉપર રહેતા રાત્રિના સમયે પણ વાતાવરણમાં ગરમાવો અનુભવાય છે. સવારે અને સાંજે વાતાવરણમાં ભેજનુ પ્રમાણ પણ ઘટયુ છે. આજે રજાના દિવસે ગરમીનુ જોર વધતા દિવસ દરમિયાન શહેરના સેકટરોમાં સુનકાર જોવા મળ્યો હતો.

ગાંધીનગરમાં છેલ્લા ૧૫ દિવસથી કાતિલ ગરમીનુ જોર યથાવત છે. ગરમીની સિઝનમાં એકાદ દિવસને બાદ કરતા મહત્તમ તાપમાન સતત ૪૦ ડીગ્રીને પાર જોવા મળે છે. જયારે ગત મહીને ગરમીનો મિજાજ ઉગ્ર બનતા મહત્તમ તાપમાન ૪૪ ડીગ્રીએ પહોંચી ગયુ હતુ. જયારે એપ્રિલના અંતે મેં મહીનો ગરમીની દ્રષ્ટીએ વધુ વિકરાળ પુરવાર થયો છે. મહત્તમ તાપમાન ૪૫.૮ ડીગ્રી સુધી ઉપર જતા આકાશમાંથી અંગારા વરસતા હોવાનો અહેસાસ નગરજનોએ કર્યો હતો. જયારે છેલ્લા ચાર દિવસથી મહત્તમ તાપમાન સતત ૪૫ થી ૪૩ ડીગ્રીની આસપાસ જ રહેતા શહેરમાં આકરી ગરમીનુ જોર યથાવત છે. નગરજનો અસહ્ય ગરમીથી તોબા પોકારી ગયા છે. માર્ચ મહીનાથી જ ગરમીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા શહેરીજનો છેલ્લા ત્રણ મહીનાથી ગરમીનો કોપ વેઠી રહ્યા છે. છેલ્લા એક સપ્તાહથી ગરમી પ્રકોપ વધી ગયો છે. મહત્તમ તાપમાન પણ નજીવા ચઢ ઉતર વચ્ચે ઉગ્ર જોવા મળે છે. આજે પણ મહત્તમ તાપમાન ૪૩ ડીગ્રી રહ્યુ હતુ. જયારે ગઈકાલની સાપેક્ષમાં ગરમીનો પારો ૦.૫ ડીગ્રી ઉંચકાયો હતો. છેલ્લા ચાર દિવસમાં ગરમીનો પારો ૨ ડીગ્રી નીચે ઉતર્યો છે. આકરી ગરમીના લીધે નગરજનો બેબાકળા બની ગયા છે. ઉનાળાની મોસમ વધુ અસહ્ય બનતા દિવસ દરમિયાન નગરમાં સુનકાર પ્રવર્તેલો જોવા મળે છે. જયારે આજે પણ ગરમી વધુ હોવાથી દિવસે શહેરના માર્ગો પર સન્નાટો છવાયેલો રહ્યો હતો જયારે આજે રજાનો દિવસ હોવાની સાથે ગરમી પણ ઉગ્ર રહેતા નગરના જનજીવન પર સ્પષ્ટ અસર વર્તાઈ હતી. સેકટરોની શેરીઓમાં દિવસ દરમિયાન ગરમીની અસરથી સુનકાર છવાયેલો રહ્યો હતો. આકરી ગરમીમાં સેકટરવાસીઓ સાંજ સુધી ઘરની બહાર નિકળ્યા ન હતા. જયારે ઢળતી સાંજ બાદ પણ વાતાવરણમાં ગરમાવાની અસર જોવા મળી હતી. છેલ્લા ચાર પાંચ દિવસથી લઘુત્તમ તાપમાન પણ ૨૮ ડીગ્રીની ઉપર રહેતા

● અનુસંધાન પાન-૭ પર

મેયર કપ ટુર્નામેન્ટમાં ગાંધીનગર મેયર ઈલેવનનો સુરત સામે પરાજય

ગાંધીનગર, તા. ૧૫

સુરત ખાતે મેયર કપ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ગાંધીનગર મેયર ઈલેવનનો સુરત સામે ૧૩ થી વધુ રને પરાજય થયો છે.

સુરત મેયર ઈલેવન સામે ગાંધીનગર મેયર ઈલેવનના ત્રણ બેટ્સમેનો રન આઉટ થયા હતા ૫૦ થી પણ ઓછા રનમાં અડધી ટીમ પેવેલિયનમાં પરત ફરી હતી.

જોકે ગાંધીનગર ઈલેવન તરફથી ગૌરાંગ વ્યાસ અને ડૉ. સંકેત પંચાસરાએ લડાયક રમત દાખવી હતી. ગૌરાંગ વ્યાસે ૮૦ જેટલા રન કર્યા હતા તો ડૉ. પંચાસરાએ પણ ૧૮ જેટલા રન કરી ટીમનો રકાસ અટકાવ્યો હતો અને મેચને રસપ્રદ બનાવી હતી.

ગાંધીનગર ટીમ ૨૦ ઓવર્સમાં ૮ વિકેટે ૧૪૫ રન કરી શકી હતી. જોકે સુરત ઈલેવને ૧૫૬ રન કર્યા હતા.

ગાંધીનગર કમિશનર ઈલેવને બોયકોટ ટુર્નામેન્ટનો કર્યો છે અને મેયર ઈલેવન પણ કચવાટ સાથે મેદાનમાં ઉતરી હતી.

રમત દરમિયાન ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલના પગની નસો ખેંચાઈ જતા સબસીટ્યુટ મહેન્દ્ર દાસે ફિલ્ડીંગ ભરી હતી. અને એક કેચ પણ પકડ્યો હતો.

મા વાત્સલ્ય કાર્ડ માટે આવકના દાખલાની મર્યાદા સંપન્ન થતાં જિલ્લાના ૬૮ હજાર કાર્ડ બ્લોક થયા

ગાંધીનગર, તા. ૧૫

આવકના દાખલાની ત્રણ વર્ષની સમય-મર્યાદા પૂર્ણ થતાં ગાંધીનગર જિલ્લામાં ૬૮ હજારથી વધુ મા વાત્સલ્ય કાર્ડ બ્લોક થયા છે.

જિલ્લા વિકાસ અધિકારી સુરભિ ગૌત્તમે આ અંગે ચારેય તાલુકા વિકાસ અધિકારીઓને પત્ર લખી યોજનાના લાભાર્થીના કાર્ડ ફરીથી એક્ટીવ થઈ શકે તે હેતુથી ઈ.ગ્રામ અંતર્ગત તમામ વી.સી.ઈ.ને આવકનો દાખલો સર્ટિફિકેટ અપલોડ કરવા આઈ.ડી. પાસવર્ડ આપવામાં આવેલ છે. તો આવા લાભાર્થીઓને ઝડપથી આ સુવિધા મળે તે માટે તાલુકા આરોગ્ય અધિકારીઓ સાથે સંકલનમાં રહી ત્વરિત કાર્યવાહી કરવા જણાવ્યુ છે.

જિલ્લામાં જે મા વાત્સલ્ય કાર્ડ આવકના દાખલાની સમય મર્યાદા પૂર્ણ થતા બ્લોક થયા છે તેમાં ગાંધીનગર તાલુકાના ૧૪,૭૮૦, દહેગામના ૧૬૧૩૫, માણસાના ૨૧,૧૫૩ અને કલોલના ૧૬,૫૯૬ લાભાર્થીઓનો સમાવેશ થાય છે.

આવકના નવા દાખલા રજુ થયેથી આ કાર્ડ પુનઃ કાર્યરત થઈ જશે તેમ આરોગ્યતંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

આવકના દાખલા ગ્રામ્યસ્તરે ઝડપથી ઉપલબ્ધ થાય તે જોવા તા.વિ. અધિકારીઓને સૂચનાઓ અપાઈ છે. જોકે આ કામગીરી હાલ ધીમી ગતિએ ચાલી રહી હોવાનું પણ તંત્રએ સ્વીકાર્યુ છે.

ગ્રામીણ વિસ્તારોમાં તલાટીઓની હાજરીનો મુદ્દો પણ એટલો જ મહત્વનો છે. ચોમાસુ નજીક છે. બિમારીના કેસો પણ ચોમાસામાં વધુ નોંધાય છે ત્યારે તાલુકાવાર ડી.ડી.ઓ. જાતે આવા કેમ્પો ગામવાર કરી અને પ્રજાને ઝડપથી આ કાર્ડ ઉપલબ્ધ બને તેમ સૌ કોઈ ઈચ્છી રહ્યા છે.

ચૂંટણીનું વર્ષ છે અને સરકારી કાર્યક્રમોનું ભારણ પણ વધ્યુ હોવાથી તંત્રએ આ માટે અભિયાનને મિશન મોડ પર લઈ કામગીરી હાથ ધરવી જોઈએ.

શહેરમાં પ્લોટના વેચાણ સંદર્ભે હાઈકોર્ટના આદેશ બાદ પણ સરકારે સમિતિની રચના કરી નથી

કોરોના કાળમાં બે વર્ષના અંતે મળેલી શહેર વસાહત મહામંડળની સામાન્ય સભામાં સેકટરના સળગતા પ્રશ્નો અંગે સરકાર સમક્ષ રજુઆત કરવાનો નિર્ણય લેવાયો

ગાંધીનગર તા ૧૫

સ્માર્ટ બનવા તરફ આગળ વધતા સેકટરોમાં સમસ્યાઓનો ઢગ ખડકાયેલો છે. જયારે સમસ્યાના નિરાકરણ માટે શહેરમાં વર્ષોથી કાર્યરત સંસ્થા શહેર વસાહત મહામંડળની આજે બે વર્ષના અંતે સામાન્ય સભા સભા મળી હતી જેમાં સેકટરવાસીઓને પરેશાન કરતા પ્રશ્નોના નિકાલ માટે સંબંધિત તંત્ર સમક્ષ રજુઆત કરવાનો નિર્ણય લેવાયો હતો. સાધારણ સભામાં મહામંડળના ૫૫ જેટલા પ્રતિનિધિઓએ હાજરી આપી સ્થાનિકોની સમસ્યાઓ રજુ કરી હતી.

કોરોના કાળમાં બે વર્ષના લાંબા સયમગાળા બાદ ગાંધીનગર શહેર વસાહત મહામંડળની વાર્ષિક સામાન્ય સભા યોજાઈ હતી. સે-૨૩ નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે યોજાયેલી મહામંડળની સામાન્ય સભામાં સેકટરોના અંદાજિત ૫૫ જેટલા સભ્યોએ હાજરી આપી હતી. સામાન્ય સભા દરમિયાન સેકટરોના સળગતા પ્રશ્નોની વિસ્તૃત રજુઆતો કરવામાં આવી

● અનુસંધાન પાન-૭ પર

Education For Freedom. SINCE 2007

સૌથી વિશ્વસનીય સંસ્થા

SAHJANAND SCHOOL OF ACHIEVER

K.G. to STD 12 (GUJARATI & ENGLISH MEDIUM)

SARGASAN GANDHINAGAR

ADMISSION OPEN | ACADEMIC SESSION FOR : 2022-23 | K.G. TO Std - 11 & 12 Science (Gujarati & English Medium) | ટ્રાન્સપોર્ટ તથા હોસ્ટેલ સુવિધા ઉપલબ્ધ | Std-11 & 12 Commerce

માર્ચ-2022માં લેવાયેલી ધો-12 સાયન્સની બોર્ડ પરીક્ષામાં ગાંધીનગર જિલ્લામાં A1-Grade મેળવવામાં મોખરે...

No. 1 Gandhinagar

A1 Grade

Fefar Smit 600/650 Gujcet-117.50/120

A1 Grade

Patel Mihir 598/650 Gujcet-118.75/120

માર્ચ-2022માં બોર્ડ દ્વારા લેવાયેલી ધોરણ 12 સાયન્સમાં GUJCET નું પરિણામ



JEE / NEET / GUJCET / BOARD ની સંપૂર્ણ તૈયારી એક જ સ્થળે

Our Student's Achievement in World Best Company

Tulsi Placed in : Google

સહજાનંદ સ્કૂલ ઓફ એચિવરમાં અભ્યાસની સાથે શિસ્તનું શિક્ષણ પ્રાપ્ત થયું જે જીવનમાં ખૂબ જ ઉપયોગી રહ્યું ઉપરાંત પાયાનું જ્ઞાન પ્રાપ્ત થયું તે પણ ખૂબ જ ઉપયોગી નીવડ્યું. અમે ઘણીવાર માર્કસ ન આવવાથી હતાશ થઈ જતા ત્યારે તેના ટ્રસ્ટીગણ અમારી સાથે પર્સનલ વાત કરી મોટીવેટ કરતાં અને સતત અમારે ભણવાનું ચાલુ રહે તેવો પ્રયત્ન કરતા અને હતાશા દૂર કરતા તે હાલમાં પણ અમારે માટે ખૂબ ઊપયોગી છે.

Nistha Placed in : ORACLE

જ્યારે મે સહજાનંદ સ્કૂલ ઓફ એચિવરમાં એડમીશન લીધું ત્યારે વાતાવરણ નવું હોવાથી મનમાં ડર લાગતો હતો પણ આ સંસ્થાના શિક્ષકોની ભણાવવાની શૈલી અને પોતાના બાળકની જેમ સાચવવાની અને સમજાવાની રીતથી હું ખૂબ પ્રભાવિત છું વિષયનું તો જ્ઞાન ખૂબ સરસ રીતે પ્રાપ્ત થયુ પરંતુ મહેનત કરવાની ટેવ, લખવાની ટેવ, શિક્ષકોની મોટીવેશન-ચર્ચા મારી સફળતા માટે ઊપયોગી બની.

Ravi Placed in : Microsoft

સહજાનંદ સ્કૂલ ઓફ એચીવરના 11th & 12th ના બે વર્ષ મારા જીવનના યાદગાર વર્ષ છે. આ સંસ્થાએ દિવસના ૧૦ કલાક સતત મહેનત કરવાની ટેવ પાડી તે આગળ મને એન્જિનિયરીંગના પ્રોજેક્ટ તૈયાર કરવામાં ખૂબ ઊપયોગી બની.....

Atman Placed in : Flipkart

જ્યારે મે સહજાનંદ સ્કૂલ ઓફ એચિવરમાં પ્રવેશ મેળવ્યો ત્યારે મારો સ્વભાવ બહુ ચંચળ અને ઝડપથી કામ કરવાનો હતો તેથી વિષયમાં નાની નાની ભૂલો થતી પરંતુ શિક્ષકોની સમજાવટથી હું ખૂબજ ઝીણવટ ભર્યું કામ કરવા લાગ્યો, એક જ જગ્યાએ ૧૦ થી ૧૨ કલાક બેસી મહેનત કરતો થયો અને પાયાના કોન્સેપ્ટ સમજીને તૈયાર કરતો થયો આ માટે મારી પ્રગતિનો શ્રેય સહજાનંદ સ્કૂલ ઓફ એચીવરને જાય છે.

- 6,50,000 ચો.ફૂટનું વિશાળ હરિયાળું સંકૂલ.
- ભીડભાડથી દૂર, વિશાળ મેદાન અને બધી જ સ્પોર્ટ્સ એક્ટીવીટીથી સજ્જ કુદરતી રળિયામણું વાતાવરણ.
- ભણતર ક્ષેત્રે નંબર 1 સહજાનંદ સ્કૂલ ઓફ એચિવર - ગાંધીનગર, નરોડા, દહેગામ તથા તલોદથી માત્ર 20 થી 25 મિનિટના અંતરે.
- માત્ર એક જ મુલાકાત લઈ ખાતરી કરો, મર્યાદિત જગ્યા હોવાથી વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ.

ધો : 11 - 12 સાયન્સમાં હજારો વિદ્યાર્થીઓને ડૉક્ટર્સ અને એન્જિનિયર્સ બનાવ્યા બાદ સહજાનંદ સ્કૂલ ઓફ એચિવર દ્વારા હવે ધો : 11 - 12 કોમર્સમાં એડમીશન પ્રકિયા ચાલુ છે, કોમર્સ રાખવા ઈચ્છુક વિદ્યાર્થીઓને આવકારે છે. : મો. 7043606060 પર માહીતી મેળવો.

Location 472/B, Kh-0 Circle, Sargasan, Gandhinagar. M. +91 84 60 40 88 80, 92 28 00 88 80

Nr. Nayra Petrol pump, Chiloda-Himmatnagar Highway, Shiholi Moti, CHILODA, GANDHINAGAR. M. +91 70 43 60 60 60 Location

દસમી પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ

સ્વ. જગદીશચંદ્ર શંકરલાલ દવે
વૈશાખ સુદ-૧૫ (વૈશાખી પૂર્ણિમા)

પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શક્તિ હતી.
પરિશ્રમ જેનું કર્તવ્ય હતું. પરમાર્થ જેની ભક્તિ હતી.
ધર્મ કદી ભૂલ્યા નહીં, વ્યવહાર કદી ચૂક્યા નહીં,
પરિવાર માટે ફુલો પાથરી ગયા...
એવા દિવ્ય આત્માને પ્રભુ પરમ શાંતિ આપે એજ પ્રાર્થના...
ૐ શાંતિ... ૐ શાંતિ... ૐ શાંતિ...

લી.
ગં.સ્વ. શર્મિષ્ઠાબેન જે. દવે
ધર્મા જે. દવે (પુત્રવધુ) જતીન જે. દવે (પુત્રી)
રીપા ટી. દવે (પુત્રવધુ) તુષાર જે. દવે (પુત્ર)
યોગિની એચ. દવે (પુત્રવધુ) હેમંત જે. દવે (પુત્ર)
દૃષ્ટિ, વેદાંશી, નવ્યા (પૌત્રી)
સમસ્ત દવે પરિવાર
પ્લોટ નં. ૨૪૨/૨, સેક્ટર-૩એ/ન્યૂ, ગાંધીનગર

પાટનગરનું પોતાનું અખબાર
ગાંધીનગર સમાચાર

આપની આસપાસના
● પર્વો-પ્રસંગોની ઉજવણીના ખબર ●
● ઘટના-દુર્ઘટનાના સમાચાર - ફોટોગ્રાફ્સ ●
● શાળા-કોલેજમાં થતી ઉજવણી - પ્રવૃત્તિઓના સમાચાર ●

આપના પોતાના અખબારમાં પ્રસિદ્ધિ માટે તાત્કાલિક મોકલવા વિનંતી
અમને વોટ્સએપ અથવા ઈ-મેઈલ કરો

વોટ્સએપ નંબર : 8758512466
E-mail : gandhinagarsamachar@gmail.com

ગાંધીનગર સમાચાર
૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧

નોંધ : જન્મદિવસનો ફોટોગ્રાફ અને વિગત અગાઉના દિવસે બે વાગ્યા પહેલા ફક્ત E-mail પર જ મોકલવા વિનંતી.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com